## ❖ **પરીક્ષા પધ્ધતિ** (અધ્યાપક (બાગાયત), અધ્યાપક(માનવ વિદ્યા), હિસાબનીશ, શ્રમસંયોજક, ગ્રંથપાલ, સ્ટોકમેન માટે)

રાજ્ય સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા.૦૮/૧૧/૨૦૨૩ ના ઠરાવ ક્રમાંક: ભરત/૧૦૨૦૨૩/૬૩૮૯૩૭/ક થી સીધી ભરતીથી જગ્યાઓ ભરવા માટે ઠરાવેલ પરીક્ષા પધ્ધતિ અનુસાર પરીક્ષા એક તબક્કામાં **MCQ-OMR / MCQ- Computer Based Response Test (CBRT)** પદ્ધતિથી સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવશે. પરીક્ષા: Part-A અને Part-B એમ બે ભાગમાં લેવામાં આવશે (પ્રશ્નપત્રનું લેવલ શૈક્ષણિક લાયકાતને સમકક્ષ રહેશે)

### Part-A

| ક્રમ | વિષય | ગુણ |
|---|---|---|
| ૧ | તાર્કિક કસોટીઓ તથા Data Interpretation | 30 |
| ૨ | ગાણિતીક કસોટીઓ | 30 |
| | કુલ ગુણ | ૬૦ |

### Part-B

| ક્રમ | વિષય | ગુણ |
|---|---|---|
| ૧ | ભારતનું બંધારણ, વર્તમાન પ્રવાહો, ગુજરાતી અને અંગ્રેજી કોમ્પ્રીહેન્સન | 30 |
| ૨ | સંબંધિત વિષય અને તેની ઉપયોગીતાને લગતા પ્રશ્નો | ૧૨૦ |
| | કુલ ગુણ | ૧૫૦ |

**નોધ:** અભ્યાસક્રમની વિષયવસ્તુ નિયત કરેલ શૈક્ષણિક લાયકાત મુજબ રહેશે.

૧. Part-A માં કુલ ૬૦ પ્રશ્નો અને Part-B માં કુલ ૧૫૦ પ્રશ્નો એમ કુલ ૨૧૦ પ્રશ્નો પૂછવામાં આવશે. Part-A અને Part-B બંને માટે સંયુક્ત રીતે કુલ ૩ કલાક (૧૮૦ મિનિટ) નો સમય મળવાપાત્ર રહેશે.

૨. Part-A અને Part-B નું સ્વતંત્ર (અલાયદું) Qualifying Standard રહેશે.

૩. M.C.Q. પદ્ધતિમાં ખોટા જવાબ આપનાર અથવા પ્રશ્નનો જવાબ ન આપેલ હોય તો તેવા સંજોગોમાં ૦.૨૫ માર્ક ઓછા કરવામાં આવશે. એટલે કે નેગેટીવ માર્કીંગ પદ્ધતિ અપનાવવામાં આવશે. "જવાબ આપવા માંગતા નથી* નો પાંચમો વિકલ્પ આપવામાં આવશે. જે ઉમેદવાર આ વિકલ્પ

પસંદ કરશે તે સંજોગોમાં નેગેટીવ માર્કીંગ ગણવામાં આવશે નહીં એટલે કે ૦.૨૫ માર્ક્સ કપાશે નહીં.

(ખ) જે તે સંવર્ગની જાહેરાત અન્વયે સંસ્થા ધ્વારા તે સંવર્ગની MCQ-OMR પધ્ધતિથી સ્પર્ધાત્મક પરીક્ષા લેવી કે MCQ પધ્ધતિથી Computer Based Response Test (CBRT) લેવી તે નકકી કરવામાં આવશે.

(ગ) જે તે સંવર્ગની જાહેરાત અન્વયે સ્પર્ધાત્મક પરીક્ષાના Part-A અને Part-B બંને માટે Qualifying Standard ૪૦% રહેશે. તેમાં કોઈપણ કેટેગરીના ઉમેદવારો માટે ૪૦ ટકા માર્કસ કરતાં ઓછું Qualifying Standard કોઈપણ સંજોગોમાં નક્કી કરવામાં આવશે નહીં. પરીક્ષાના Part-A અને Part-B માં Qualifying Standard જાળવીને કુલ ગુણના આધારે કુલ જગ્યાના આશરે બે ગણા ઉમેદવારોને પ્રમાણપત્રોની ચકાસણી માટે મંડળ દ્વારા લાયક (કવોલીફાય) ગણવામાં આવશે.

## • જુનિયર ક્લાર્ક માટેની પરીક્ષા પધ્ધતિ:-

સંસ્થા દ્વારા નિયત સમયમર્યાદામાં અરજીઓની પ્રાથમિક ચકાસણી ( એક કરતાં વધુ અરજી કરેલ છે કે કેમ ? અને પરીક્ષા ફી ભરેલ છે કે કેમ ?) કરીને લાયક ઉમેદવારોની રાજ્ય સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના (૧) તા. ૧૮/૦૫/૨૦૨૩ ના જાહેરનામાં ક્રમાંક: GS/2023/15/015/K તેમજ (૨) તા.૨૮/૧૨/૨૦૨૩ ના જાહેરનામા ક્રમાંક:GS/2023/31/0125/K થી મંજૂર કરવામાં આવેલ પરીક્ષા પદ્ધતિના નિયમો અનુસાર બે તબક્કામાં સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવશે

### તબક્કો - ૧ : પ્રાથમિક પરીક્ષા

| | | |
|---|---|---|
| 1 | Reasoning | 40 Marks |
| 2 | Quantitive aptitude | 30 Marks |
| 3 | English | 15 Marks |
| 4 | Gujarati | 15 Marks |
| | Total | 100 Marks |

### તબક્કો - ૨ : મુખ્ય પરીક્ષા

પ્રથમ તબક્કાની પરીક્ષા બાદ સામાન્ય વહીવટ વિભાગના તા ૧૮-૦૫-૨૦૨૩ના જાહેરનામા મુજબ MCQ- પ્રકારના પ્રશ્નો ધરાવતી પદ્ધતિથી સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવશે. મુખ્ય પરીક્ષા અંગેની વિગતો/અભ્યાસક્રમ નીચે મુજબ રહેશે.

**Syllabus for Main Examination 200 Marks Time: 120 Minutes**

| | | |
|---|---|---|
| 1 | English | 20 Marks |
| 2 | Gujarati | 20 Marks |
| 3 | Polity/Public Administration/RTI/CPS/PCA | 30 Marks |
| 4 | History, Geography, Culture Heritage | 30 Marks |
| 5 | Economics, Environment, Science & Tech. | 30 Marks |
| 6 | Current Affairs & Current Affairs with Reasoning | 30 Marks |
| 7 | Reasoning | 40 Marks |
| | Total | 200 Marks |

- મુખ્ય પરીક્ષા માટેના ઉમેદવારોને પસંદ કરવા પ્રથમ તબક્કામાં પ્રાથમિક પરીક્ષા MCQ- પ્રકારના પ્રશ્નો ધરાવતી સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવશે
- પ્રાથમિક પરીક્ષા ૧૦૦ પ્રશ્નોના પ્રશ્નદીઠ ૧ ગુણ લેખે કુલ ૧૦૦ ગુણ ની રહેશે. પરીક્ષાનો સમય ૬૦ મિનિટનો રહેશે.
- મુખ્ય  પરીક્ષા ૨૦૦ પ્રશ્નોના પ્રશ્નદીઠ ૧ ગુણ લેખે કુલ ૨૦૦ ગુણ ની રહેશે. પરીક્ષાનો સમય ૧૨૦ મિનિટનો રહેશે.
- M.C.Q. પદ્ધતિમાં ખોટા જવાબ આપનાર અથવા પ્રશ્નનો જવાબ ન આપેલ હોય તો તેવા સંજોગોમાં ૦.૨૫ માર્ક ઓછા કરવામાં આવશે. એટલે કે નેગેટીવ માર્કીંગ પદ્ધતિ અપનાવવામાં આવશે. "જવાબ આપવા માંગતા નથી* નો પાંચમો વિકલ્પ આપવામાં આવશે. જે ઉમેદવાર આ વિકલ્પ પસંદ કરશે તે સંજોગોમાં નેગેટીવ માર્કીંગ ગણવામાં આવશે નહીં એટલે કે ૦.૨૫ માર્ક્સ કપાશે નહીં.
- દિવ્યાંગ ઉમેદવારના કિસ્સામા પ્રત્યેક કલાક દીઠ વધારાની ૨૦ મીનીટ લેખે વધારાનો સમય ફાળવવામાં આવશે
- પ્રાથમિક કસોટી ફક્ત સ્ક્રીનીંગ ટેસ્ટ માટે છે. પ્રાથમિક કસોટીમાં ઉમેદવારે મેળવેલ ગુણને આખરી પસંદગી યાદી માટે ધ્યાને લેવામાં આવશે નહી
- પ્રાથમિક પરીક્ષાને અંતે મુખ્ય પરીક્ષા માટે લાયક ઠરેલ ઉમેદવારોની યાદી તૈયાર કરવામાં આવશે અને મેરીટસના આધારે ભરવાની થતી જગ્યાના સાત ગણા ઉમેદવારોને બીજા તબક્કાની મુખ્ય પરીક્ષા માટે લાયક ગણવામાં આવશે.